જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૩/૨૦૨૩  રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૪૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૪૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ-  સમાચાર યાદી નં.૪૩૪/૨૦૨૩

**વટવા જીઆઇડીસીઃ** વિજયભાઇ મનોજભાઇ પટણી (ઉ.વ.૩૨)(રહે.દુબેની ચાલી, સંતોષી માતાના મંદિર પાસે, વિઠ્ઠલનગરનો ટેકરો જશોદાનગર) તા.૧૧/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સંડાસમા ભુલમા પાણી સમજી એસીડ ભરેલ બોટલમાંથી એકાદ ઘુંટ પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ. એસ.આઇ.મકરાણી ચલાવે છે.

### આત્મહત્યાઃ-  સમાચાર યાદી નં.૪૩૫/૨૦૨૩

**વાડજઃ** પંકજભાઇ મોહનભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.આસ્થા ઓપલ ફ્લેટ મિર્ચી મેદાનની પાછળ નિર્ણયનગર નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**ચાંદખેડાઃ** લક્ષ્મણભાઇ પુરણભાઇ સુનાર (ઉ.વ.૨૪)(રહે.ન્યુ રણછોડનગર વિભાગ-૧ જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૩ સવારના ૮/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પહેલા માળે થી બીજા માળે જવાની R.C.C ની સીડીની રેલીંગ સાથે રૂમાલનો છેડો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાયમલભાઇ પનાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી